ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ચૂંટણીમાં તમામ પક્ષો જ્ઞાતિ-ધર્મને પોષે છે,*
*ગરીબોને દારૂ પાઈને દોલત વડે શોષે છે,*
*રોષે છે બૌધિકો આવી લોકશાહીનાં નાટકથી -*
*આરા આપણે સૌ વિષયક્ના સમાજ દોષે છે*
*(ચૂંટણી ફારસ)*

હાઈકુ

*ખૂની ખપ્પર,*
*આશારામની ગેંગ -*
*લોહી તરસી...*
*(સોપારીનો સત્સંગ)*

*'વિસ્તરણ' માં*
*સૂડી વચ્ચે સોપારી -*
*સત્તા ભીંસમાં...*
*(સંગઠન સાથે સાઠમારી)*

### ચિંતન

**શ્રોત્રં શ્રુતેન એવ વિભાતિ ન કુંડલેન ।**

કાન વેદોક્ત જ્ઞાન અને વેદ વિદ્યા સાંભળવાથી શોભે છે. કાનમાં પહેરેલાં કુંડળોથી કાનની શોભા વધતી નથી. એ તો માત્ર ઉપરના લટકણિયાં છે.

વ્યક્તિની સાચી ઓળખ એના શીલ - સદાચારથી થાય છે. રૂડું રૂપાળું શરીર ધરાવનાર માણસ જો જૂઠાબોલો હોય, જો નાણાકીય વ્યવહારમાં અપ્રમાણિક હોય તો સમાજમાં એની આબરૂ સારી ગણાતી નથી. શરીરની દસેય ઈન્દ્રિયો જો સારી રીતે કામ આપતી હોય તો જ શરીર શોભે છે. ઉપર ઉપરના શણગારથી અંગની સાચી શોભા વર્તાતી નથી. જીભ સારી વાણીથી, હાથ પગ સમાજ સેવાથી કાન સુવચનો સાંભળવાથી શોભે છે.

### સુવિચાર

- હંમેશા હસતા રહેવાથી, ખુશનુમાં રહેવાથી પ્રાર્થનાં કરતાં પણ વધારે ઝડપથી ઈશ્વર નજીક પહોંચાય છે - **શ્રી શ્રી રવિશંકર**
- માત્ર ચારિત્ર્ય જ મુશ્કેલીઓની દિવાલ તોડીને તેમાંથી માર્ગ કાઢે છે - **જનકલ્યાણ**
- આફતના વાદળાં વરસે ત્યારે એક જ બ્રાન્જની છત્રી કાગડો નહીં થાય આ બ્રાન્ડ છે 'ધીરજ' - **ચંદ્રકાન્ત બક્ષી**
- જીવનની ઈમારતને એક જ બારણું છે અને તે છે... 'અનુભવ' - **તથાગત**
- વેરથી ભરેલા ચિત્તવાળા ધર્મસાધના ન કરી શકે અને પ્રસન્નતા પણ પ્રસરાવી ન શકે - **અમૃતબિંદુ**
- ધર્મ એ તો ઝાડના મૂળીયાં જેવો છે... એ મૂળીયાં ફળની જેમ ન ખાઈ શકાય પણ મૂળિયાં ન હોય તો વૃક્ષ ટકી શકે નહીં - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : ફુદીનાના પાનને લીંબુના રસમાં વાટી પી જવાથી હેડકી બંધ થાય છે

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

માણસ પોતાના વાણી-વર્તન સ્વભાવથી જ સુખી કે દુ:ખી થાય છે. જો તમારો સ્વભાવ વિનયી-નમ્ર હોય તો પ્રિય બનશો - વહેમી અને વાંકા બોલા - વક્રદષ્ટિવાળા હશો તો દુ:ખી થશો. સમાજ તો જેવો આઘાત તેવો પ્રત્યાઘાત આપે છે.

એક શેઠે પોતાના બંગલામાં કાચ-અરીસાની ચારે બાજુ ઉપર-નીચે એવી દિવાલો બનાવી હતી અને પડઘા પડે તેવાં યંત્રો મૂકાવ્યાં હતા...

એકવાર ભૂલથી એક અજાણ્યો કૂતરો એ ખંડમાં પેસી ગયો. દાખલ થતાં એણે અનેક કૂતરાં દેખાયાં - પ્રથમ એ ઝીણું ઝીણું ઘૂરકવા લાગ્યો. તેના પ્રતિબિંબ પણ પડઘાતા અવાજે જરા મોટેથી ઘૂરકવા લાગ્યાં.

... પછી તો ભસવાનું અને ઊંચો થઈ થઈ એકમેકની સામે બાથ ભીડવા પણ લાગ્યો. લડાઈ અને ભસવાનું આખી રાત ચાલ્યું. આખરે થાકી-થાકી-હારી કૂતરો મૃતપ્રાય થઈ ગયો.

(આમાં દોષ કોનો? જાતે જ વાણી-વર્તનના પડઘા-પડછાયાથી લડ્યો. એનો જ ને!

# પાકિસ્તાન સાથે શાંતિમંત્રણાનો કોઈ જ અર્થ નથી

પઠાણકોટ હુમલામાં પાકિસ્તાનની સામેલગીરીના તમામ પુરાવા આપ્યા પછી પણ ત્યાંથી આવેલી તપાસ સમિતિએ ભારતને જ ભેખડે ભરાવવાનું વલણ અપનાવ્યું. તેથી આપણી વિદેશનીતિ વિશે સ્વાભાવિક રીતે જ પ્રશ્નો ઊભા થયા છે. પાકિસ્તાને ઊલટો ચોર કોટવાળને દંડે એવી નીતિ અપનાવી છે. એનઆઈએની ટીમ પણ પાકિસ્તાન જઈને ત્યાંથી જૈશ મોહંમદના નેજા હેઠળ ચાલતી આતંકવાદી પ્રવૃતિનો ઊંડો અભ્યાસ કરી રિપોર્ટ તૈયાર કરે એવી પૂર્વ શરત પાકિસ્તાને ફગાવી દેતાં બેઉ દેશો વચ્ચેના સંબંધો વણસે નહીં તો જ નવાઈ. પાકિસ્તાની વડાપ્રધાન 'શરીફ' હોવાનો ગમે તેટલો દાવો કરતા ફરે પરંતુ એમની શરાફત ભારતને માટે કશા કામની નથી. એક તરફ સરહદ પર ભારતીય સૈનિકો શહીદ થતા રહે અને બીજી તરફ નરેન્દ્ર મોદી કે ડોભાલ નવાજ શરીફ સાથે ડિપ્લોમેટિક મૈત્રીનું વાજું વગાડતા રહે તે બહુ જ બેહૂદું લાગે છે. ટીકાકારો તો ત્યાં સુધી લખતા થયાં છે કે મોદી 'શાંતિદૂત'નો નવો પાઠ ભજવી શાંતિ માટેનું નોબેલ અંકે કરવા માગે છે. ખરું પૂછો તો દિલ્હી ખાતે પાક કમિશ્નરે ને નિવેદન કર્યું છે તે નજર અંદાજ કરવા જેવું નથી. ભારત ગમે તેટલા ઢાંકપિછોડા કરશે પરંતુ જયાં સુખી કાશ્મીરનો પ્રશ્ન લટકતો રહેશે ત્યાં સુધી પાકિસ્તાન જંપીને બેસવાનું નથી. આ મુદ્દો પૂરો થઈ ગયો છે, એમ કહી ભારત ખોટા આત્મવિશ્વાસમાં રાચી રહ્યું છે. કાશ્મીર પર પાકિસ્તાનનો દાવો ચાલુ જ રહેવાનો છે, સિવાય કે એનો લશ્કરી રાહે કાયમી ઉકેલ લાવવામાં આવે. ઝુલ્ફીકાર અલી ભુટ્ટો એ કાશ્મીર મુદ્દે ભારત સાથે ૧૦૦૦ વરસ સુધી લડત આપવાની પ્રતિજ્ઞા કરી હતી. પછી એ જ ભુટ્ટોએ શિમલા આવીને ઈંદિરા ગાંધી સાથે દ્વિપક્ષી કરાર પર પણ સહી કરી હતી અને ત્રીજો કોઈ દેશ કે એજન્સી બે દેશોને આ મુદ્દે દખલગીરી કરશે તો તે માન્ય નહીં હોય એવું નિવેદન પણ કર્યું હતું. પરંતુ પાકિસ્તાન કયારેય બોલેલું પાળતું નથી. ભારત સાથે યુદ્ધ મેદાનમાં ઊતરતાં ત્રણ ત્રણ વાર ધૂળ ચાટતું થયું એથી એની વેર ભાવના વધુ ઉગ્ર બની છે. સરહદ પર સતત ઘુસણખોરી ચાલુ રાખીને તેમજ ભારતમાં નશીલાં દ્રવ્યોની દાણચોરીને અંજામ આપીને પાકિસ્તાન પ્રૉક્સીવોર ચાલુ રાખેલ છે. સરહદો પર છમકલાં કરીને ત્રાહિમામ પોકારાવતા પાક રેન્જરોને વળતો જવાબ આપવા માટે ભારતીય સીમા સુરક્ષા દળ અને આર્મી સક્ષમ છે, પરંતુ ડિપ્લોમેટિક દોસ્તીનાં નાટક આપણા જવાનોનાં માથાં વધેરાવતાં રહ્યાં છે. પાકિસ્તાન કયારેક વિશ્વસનીય પાડોશી તરીકે વર્ત્યું નથી કે વર્તવાનું નથી. આતંકવાદના પારણા તરીકે આખી દુનિયામાં નામીચા બની ગયેલા આ દેવાળિયા દેશને કયારેક અમેરિકા તો કયારેક ચીન પોતાનાં હિતો જાળવવા પંપાળતા રહ્યાં છે. છેલ્લે અમેરિકા સાથે સંબંધો વણસતાં પાકિસ્તાને ચીની ડ્રેગનના ખોળામાં બેસી જવાનું પસંદ કર્યું છે. ચીનને એણે આઝાદ કાશ્મીરમાં હાઈવે બાંધવા દીધો છે અને આખેઆખું ગાદર બંદર અભરામ નંદાવે લખી આવ્યું છે. બદલામાં ચીન જૈશે મોહંમદના વડા મસૂદને આંતરરાષ્ટ્રીય આતંકવાદી જાહેર કરવાની ભારતની માગણીને વીટો વાપરીને રદબાતલ કરાવે છે. પાકિસ્તાન માટે ભારતને સતત ટેન્શનમાં રાખવું, ભારતમાં રહેતા મુસલમાનોને દહેશતમાં રાખવા અને આતંકવાદનાં થાણાં ધમધમતાં રાખવાં તે રાષ્ટ્રીય કાર્યક્રમ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ હકીકત સ્વીકારી લેવી જોઈએ અને નોબેલ ઈનામની લાલચ છોડીને વિશ્વશાંતિના સૌથી મોટા દુશ્મન સામે લાલ આંખ કરવી જોઈએ : હમણાં થોડા દિવસ પહેલાં યુનોના મહામંત્રી બાન-કી-મૂને ભારત-પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થીની ઑફર કરી તે શું સૂચવે છે? એ ઑફર ભારત તો સ્વીકારવાનું નથી, પણ બીજી તરફ પાકિસ્તાન માટે ભારતના આવા વલણથી વિશ્વમાં ભારતને ભોંઠપ અનુભવવી પડે એવી સ્થિતિ સરજાવાની છે. આપણે શિમલા કરારને હજાર વખત ટાંકીશું તો પણ કાશ્મીર મુદ્દે દુનિયા તો પાકિસ્તાનને સહાનુભૂતિની નજરે જ જોતી રહેશે.

**તંત્રીસ્થાનેથી...**

# કોઈ ભાવેણાની આળ કરે તો બદલે બુઢ્ઢાનો રંગ

જીવનના સંધ્યાકાળે સર પ્રભાશંકર પટ્ટણી ભાવનગર રાજ્યના ગામડાઓમાં ફરતા હતા. સ્થાનિક પરિસ્થિતિનો તાગ મેળવવા કાગળ ઉપરના "અહેવાલો" નો આધાર લઈને નિર્ણય કરે એવા આ વહીવટદાર ન હતા. ત્રાપજ તથા તળાજા વિસ્તારના ગામો પૈકી પટ્ટણી સાહેબ ભંડારિયા નામના એક નાના ગામમાં ગયા. ભંડારિયા ગામના બે માથાભારે વ્યક્તિઓ વિશે ગામલોકોએ સર પટ્ટણી સમક્ષ રજૂઆત કરી. લોકોએ એવી પણ રજૂઆત કરી કે આ બન્ને ભાઈઓ ગામમાં ઘણી રંજાડ કરે છે. આ ભાઈઓ હાલમાં ભાવનગરની જેલમાં છે તે બાબતની પણ તેમને જાણ કરવામાં આવી.



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

પટ્ટણી સાહેબના મનમાં આ વાત નોંધાય છે. પટ્ટણી સાહેબની આ યાત્રાનો કાર્યક્રમ ચાલુ હતો તે દરમિયાન સ્વરુપરાણી નહેરુ (પંડિત જવાહરલાલના માતા)ના અવસાનના સમાચાર મળે છે. સ્વરુપરાણીના નિધન અંગે ભાવનગરમાં શોકસભાનું આયોજન (જાન્યુઆરી-૩૮) કરવામાં આવે છે. શહેરના અગ્રણીઓની વિનંતી તથા આગ્રહથી પટ્ટણી સાહેબ આ સભામાં હાજરી આપવા ભાવનગર આવે છે. ઉપરોક્ત શોકસભામાં નહેરુ પરિવારના ત્યાગ અને બલિદાન અંગે પટ્ટણી સાહેબે વિગતવાર વાતો કરી. સભાનું કામ પૂરું થયા પછી જેલના વડા અધિકારીને સાથે લઈને પટ્ટણી સાહેબ ભાવનગર જેલની મુલાકાત માટે જાય છે. જેલમાં ભંડારિયા ગામના બે ભાઈઓ પગમાં ભારે બેડીઓ સાથે સર પટ્ટણીને મળ્યા. આ બન્ને ભાઈઓની રંજાડ વિશેજ થોડા દિવસો પહેલા ગ્રામજનોએ પટ્ટણી સાહેબ સમક્ષ ફરિયાદ રજૂ કરી હતી. બન્ને ભાઈઓ જેલમાં હતા. કારણ કે તેમની રીઢા ગુનેગારો તરીકેની છાપને કારણે કોઈ તેમના જામીન થવા તૈયાર ન હતા. બન્ને કેદી ભાઈઓએ પટ્ટણી સાહેબ સમક્ષ આર્ત સ્વરે રજૂઆત કરી કે હવે તેઓ ગામમાં જશે ત્યારે તેમની કોઈ ફરિયાદ લોકોએ કરવી ન પડે તેવું વર્તન તેઓ કરશે. આટલું કહેતા તેઓ પટ્ટણી સાહેબના પગમાં પડી ગયા.

બન્ને ભાઈઓએ કહ્યું કે તેમની મથરાવટી મેલી હોવાના કારણે ગામની કોઈ વ્યક્તિ તેમના જામીન થવા તૈયાર નથી. હવે ભાવનગર રાજ્યના ગૌરવ સમાન આ તેજસ્વી વૃધ્ધ બોલ્યા : "તમારો જામીન હું થાઉં છું. કાલે સવારે તમે જેલમાંથી મુક્ત થશો." પછી સર પટ્ટણી બે મહત્વના શબ્દો બન્ને ભાઈઓને સંબોધીને કહે છે : જો જો હો ! હું જામીન થાઉં છું એ વાતનો ખ્યાલ રાખજો. પટ્ટણી સાહેબ બન્નેના જામીનખત ઉપર સહી કરીને જેલ અધિક્ષકને આપે છે. કેટલાક લોકોને સર પટ્ટણીનો આ નિર્ણય ઉચિત કે વ્યવહારુ લાગ્યો નહિ. ઘણાં એમ પણ માનતા કે પટ્ટણી સાહેબને પસ્તાવાનો વખત આવશે. સર પટ્ટણીને કઠોર અને રુક્ષ દેખાતા પથ્થરો નીચે પણ નાનું એવું સ્નેહ તથા સદભાવનાનું ઝરણું કલકલ કરતું વહે છે તે તરફ દ્રષ્ટિ છે. આ માનવતાનું ઝરણું સાવ સૂકાઈ ગયું હોય તે વાત આ ક્રાંતદ્રષ્ટા મનિષિને ગળે ઉતરે તેવી નથી. સર પટ્ટણીની શ્રધ્ધાનો વિજય થાય છે. જામીન પર છૂટેલા બન્ને ભાઈઓના જીવન બદલાઈ ગયા હતા. ગામલોકોને તેમના તરફ કોઈ ફરિયાદ રહી ન હતી. દુનિયાને અને દુન્વયી ચીજોને અલગ દ્રષ્ટિ અને ભૂમિકાએ જોનારા આવા નરરત્નો દુર્લભ હોય છે. કલાપીએ આવી ભાવના વ્યક્તકરતાં લખ્યું છે :

જહાંથી જે થયું બાતલ
અહીં તે છે થયું શામીલ
અમે તો ખાકની ભરી મૂઠ્ઠી ભરી
રાજી થનારાઓ !

સર પટ્ટણી અને ભંડારિયા ગામના બે કેદી ભાઈઓની ઘટના શ્રી જયંતીલાલ મોરારજી મહેતાએ ચોકસાઈપૂર્વક લખેલા પ્રસંગોને કારણે આપણાં સુધી પહોંચી છે. સર પટ્ટણીના જીવનની આ છેલ્લી મુસાફરીના દરેક નાના મોટા પ્રસંગોનું આલેખન જયંતીભાઈએ પ્રવાસમાં સાથે રહીને કરેલું છે.

સર પ્રભાશંકર પટ્ટણીનો જન્મ ઈ.સ. ૧૮૬૨ ના એપ્રિલની ૧૫મી તારીખે - ચૈત્રી પૂનમે - થયો હતો. આથી એપ્રિલ માસમાં આ ઋષિ પુરુષની વિશેષ સ્મૃતિ થાય તે સ્વાભાવિક છે. દાદા હરિરામે પૌત્રના જન્માક્ષર માંડ્યા. જન્માક્ષરના આધારે દાદા કહે છે : "આ છોકરો રાજા જેવો સંપત્તિવાન થશે. એ દીન ગરીબનો બેલી થશે. પરંતુ તે સ્વભાવે સાવ

**અનુસંધાન પાના નં. ૭ પર**

# વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે ગમે તેટલા લાગણીનો સંબંધ હોય પરંતુ તેમા હંમેશા લાગણીની ભરતી ઓટ ચાલ્યા જ કરે છે...

**યૂ હી નહીં હૈ યે ખામોશીયા જો દરમિયાન હૈ,**
**તેરે મેરે બીચ, અનજાને હી સહી, કુછ તો હુઆ હૈ**
**એસા મૈંને કયા કહા, ઐસા મૈંને કયા કિયા હૈ**
**જિસસે તુ ઈતના ખફા હૈં**
**કહે દે ના જો ભી દિલ મેં હૈ, ના છુપા**
**સેહ લૂંગા હર સજા... પર યે ચુપ્પી નહીં સહીં જાતી...**

ફોરવર્ડ મેસેજની શાયરી જે ઘણાં દિલ તૂટેલા આશિકો ટેગ કરતાં હોય છે, તેવી ઘીસી-પીટી લાઈનથી લેખની શરુઆત એટલા માટે કરું છું... કારણ કે આજનો વિષય પણ ઘણો જૂનો પરંતુ વારંવાર આપણે માથે પડતો છે.

ઘરમાં દીકરીનો લગ્નપ્રસંગ હોય, એકની એક દીકરીને તેના માતાપિતા ધામધૂમથી વિદાય આપવાની તૈયારીમાં પડી ગયા હોય! વર્ષોથી લાડ-કોડમાં ઉછરેલી દીકરીને એક ઝાટકે અળગી કરવાની વેદના હૃદયમાં છુપાવતા, ચહેરા પર પ્રસંગોચિત હાસ્ય રેલાવતા માતા-પિતાનું આ ચિત્ર છે... આટલી દોડા-દોડીમાં શરતચૂકથી કોઈ કૌટુંબિક વ્યવહારમાં તેમનાથી ભૂલ થઈ જાય છે, અને દીકરીના પિતાના પક્ષે કાકા, ફઈ, બનેવી અથવા દીકરીના માતાના પક્ષે મોસાળમાં માસા, મામા, માસી વચ્ચે કંઈક મતભેદ સર્જાય અને આ મતભેદ - મનભેદમાં કયારે પરિણમે તેની જાણ ન રહે ! પરિણામ એ આવે કે જેને સંબંધમાં ધક્કો પહોંચ્યો છે તે સામી વ્યક્તિને વધુમાં વધુ શિક્ષા કરવા માગે છે... બીજી કોઈ શિક્ષા કરવાનું તેમના હાથમાં નથી એટલે તેઓ લાગણીની નાકાબંધી જાહેર કરે છે, પણ સંબંધ તો કોઈ પંખાની સ્વીચ થોડી છે કે ચાપ દબાવીને ચાલુ કે બંધ કરી શકીએ ?

ઘણીવાર મિત્રો વચ્ચે પણ આવા ઘર્ષણ જોવા મળે છે, નાની સરખી વાતમાં જીવનભરમાં અબોલા સર્જાઈ જાય છે, વિચારોનું ઘર્ષણ એટલી હદે

**જાવ તમારી કિટ્ટા!**

આગળ વધી જાય છે કે લાગણીના સંબંધોને છિન્ન-ભિન્ન કરી નાખે છે...

આ તો ઠીક છે કે ઘણા બધા અબોલામાં સંબંધમાં કટુતા આવવાના કારણની જાણ બંને પક્ષે છે, જેથી ભવિષ્યમાં કદાચ બેમાંથી કોઈ એક મન મોટું રાખી માફ કરી દે અથવા બીજો મન મોટું રાખી માફી માંગી લે, પરંતુ ઘણીવાર એવું બને છે કે, પિકચરમાં કલાઈમેક્સ આવતા પહેલાં જ 'ધ એન્ડ'નું બોર્ડ આવી જાય છે, મનમાં ને મનમાં જે તે વ્યક્તિ પર ખાર રાખીને બેઠી હોય અને સામેના વ્યક્તિને કારણની જાણ પણ ન હોય, પોતાના હૃદયનો બળાપો બહાર ન ઠાલવે તો સામેવાળો માફી પણ કઈ રીતે માગે અને શેની માટે માગે, એ જાણ્યા વગર કે તેનો વાંક શું છે?

***સમજદાર માણસો પણ અમુક સમયે મગજમાં એટલી બધી ગરમી પેદા કરે છે કે એ ગરમીથી તેઓ પોતે જ દાઝે જ છે સાથે બીજાઓને પણ દઝાડે છે...***

છાપામાં અનેક પ્રસંગો વાંચવામાં આવે છે કે રીસાઈને ચાલ્યા ગયા છે! પતિએ પિયર જવાની ના પાડતા પત્નીનું અગ્નિસ્ના, પુત્રને પરીક્ષામાં નપાસ થવા બદલ ઠપકો આપવાથી તેણે કાંકરીયામાં ઝંપલાવ્યું... સહનશક્તિ નામનો શબ્દ જ આપણે આપણા જીવનના શબ્દકોષમાંથી કાઢી નાખ્યો છે...

શબ્દોની જ બધી રમત છે... આ હાડકા વગરની લૂલી જીભ ભલભલાના હાડકા ખોખરા કરી નાખે છે... આપણા શબ્દોથી જાણે અજાણે ઠેસ વાગી જાય અને પછી મહાભારત શુરુ થઈ જાય...

રિઝલ્ટ લઈને પુત્ર આવે ત્યારે ગુસ્સામાં પિતા કહે - 'શું મોં લઈને ઘરે આવ્યો?' આચાર્ય વિજયરત્નસૂરિજી કહે છે કે - 'દૂધ સાકર વગરનું ચલાવી લેવાય પણ રાખવાળું તો કેમ ચાલે?' - શબ્દો લાગણી વિનાના સ્વીકારી લેવાય પણ કડવાશ ભરેલા કેમ ચાલે?

ઘણા બધા માણસો કોઈને કોઈ સ્નેહના સંબંધમાં વાંધો પડતા તેની સાથે જોડાયેલી તમામ લાગણીની નળીઓના જોડાણ કાપી નાખવા ઉન્મત્ત બને છે... અને પછી પસ્તાવો કરતા નજરે પડે છે.

વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે ગમે તેટલા લાગણીનો સંબંધ હોય પરંતુ તેમા હંમેશા લાગણીની ભરતી ઓટ ચાલ્યા જ કરે છે... સમયના કાંટાની સાથે પરિવર્તન જોડાયેલું છે... આપણે ધ્યાન એ રાખવાનું છે કે સંબંધમાં જયારે ભરપૂર ભરતી આવે ત્યારે તેને બરાબર માણીએ, આપણું કામ ઊંટ જેવું રાખવું, ઊંટને જયારે પાણી પીવા મળે છે ત્યારે તે ભરપૂર પાણી પી લે છે, અને બીજા વધારાના પાણીનો સ્ટોક કરી લે છે, રણપ્રદેશમાં જયારે દિવસોમાંદિવસો પાણી વગર કાઢવાના હોય છે ત્યારે સ્ટોક કરેલા પાણીથી તરસ છીપાવે છે... સંબંધમાં જયારે ભરતી હોય ત્યારે તેની યાદો અને ત્યાગના પ્રસંગોનો સ્ટોક કરી લેવો, પછી લાગણીનો કોરો પાટ હોય ત્યારે ભૂતકાળની સ્વર્ણિમ યાદોને યાદ કરીને સંબંધોની ભૂમિ ભીની કરતા રહેવી.



વિચારયાત્રા

ડો. જય ઓઝા

આજકાલ આપણે ગાઢ સંબંધોના દાવા પુષ્કળ કરીએ છીએ પણ એ સંબંધમાં એક નાની સરખી કસોટી આવે ત્યારે તેમાંથી પાર ઉતરવાની બદલે તરત જ સંબંધના ડિપાર્ટમેન્ટમાંથી રાજીનામું આપી દઈએ છીએ...

***(ગાંઠ અગર લગ જાયે તો ફિર***
***રિશ્તે હો યા ડોરી***
***લાખ કરો કોશિષ ખૂલને મેં***
***વક્ત તો લગતા હૈં...)***

***(અકોણા બોલ અને કડવા વેણ બોલીને મોરારજી દેસાઈ અથવા લલીતા પવાર જ બની શકાય છે...)***

શબ્દ નામનું તીર ભાથામાંથી છૂટી ગયા પછી પાછું આવવાનું નથી... માટે શબ્દો જાળવીને વાપરવા... હા! એ પણ એટલું જ સાચું છે કે દુનિયાના દરેક સંબંધ જાળવી-જાળવીને અને ચીપી-ચીપીને બોલેલા શબ્દોના પુલ પર ટકેલા થોડા હોય છે. માણસને જયાં પોતીકું લાગે, છૂટ લેવાનું મન થાય તેવું વાતાવરણ અસ્તિત્વ ધરાવતું હોય ત્યાં પણ શબ્દો અથવા ક-શબ્દોથી સામાની લાગણી ઘવાય ત્યારે ઘણો વિસ્ફોટ સર્જાય છે...

કે ભાઈ ! આટલા નજીકના અને 'તુ', 'તારી' વાળા સંબંધ ધરાવનારને મારા આટલાક શબ્દનું ખોટું લાગ્યું... અને આવા વજ્રઘાતને કારણે તે વ્યક્તિ કે જેને છૂટથી વાત કરવા માટેનું એક ઠેકાણું હોય તે પણ બંધ થતા વળી પાછો વલોપાતમાં મૂંઝાયે રાખે છે... મોઢું હસતું રાખીને ઠાવકા શિષ્ટાચારના શબ્દો સાથે વળી જીવવું શરુ કરવું પડે છે... મૂઆ શબ્દ જ અકોણા છે... ઈ ને હંભાળીને અવતરવા... ચૈત્રી નવરાણી અને આપણા નવ વર્ષ પ્રસંગે હંધાય ને 'મિચ્છામિ દુક્કડમ્...'

- jayuoza@gmail.com, Mo. 9898046488

# મા સરસ્વતીની સાથે, બુદ્ધિમતા વરિષ્ઠમ એવા હનુમાનજીના સાનિધ્યએ, કથન-શ્રવણ-સ્મરણની સાધના ચાલે છે અસ્મિતા પર્વમાં...

ઘરમાં ડોરબેલ રણકી. સ્તુતિએ બારણું ખોલ્યું. કુરિયર સર્વિસમાં આવેલ ટપાલ ખોલીને વાંચી અને બોલી ઊઠી. 'અરે વાહ, ડેડીને મનગમતું આમંત્રણ મળ્યું છે.' એની બહેનપણીએ પુછ્યું, 'અંકલ, ફિરસે અબ્રોડ ડા રહે હૈ કયા?' જવાબમાં સ્તુતિ બોલી, 'વિદેશ જવાના નિમંત્રણ તો વર્ષમાં અનેક આવે છે, યે તો સાલમેં એક હી બાર આનેવાલા અસ્મિતા પર્વ કા નિમંત્રણ હૈ !' નિમંત્રણપત્ર ડેડીને આપતા એ બોલી, 'ડેડી, કેટલા વર્ષોથી શરુ થયું છે આ પર્વ ?' અને ડેડીના ચહેરા સમક્ષ માલણ નદીને કાંઠે અને નાળિયેરી તથા આંબાના વૃક્ષોને સ્પર્શીને વહેતા સર અને શબદ એક મનભાવન દશ્ય સર્જી રહ્યા હતા.

અસ્મિતા પર્વ.

પુ. મોરારિ બાપુની પ્રેરણા અને માર્ગદર્શન સાથે ૧૯૯૮ના વર્ષમાં એનો આરંભ મહુવામાં કૈલાસ ગુરુકુળમાં થયો. ત્રણ દિવસીય આયોજનના એ પ્રથમ ચરણમાં પુ. બાપુએ કહ્યું હતું કે 'ગુજરાતી સાહિતય જગતનું સન અહીં બેઠું છે, આવા મંગળ પ્રસંદે આનંદ અનુભવું છું.' એક પછી એક વર્ષો પસાર થતા ગયા અને આજે હવે ૧૯મા અસ્મિતા પર્વના આરંભની ઘડીઓ સાવ ઢુકડી છે. સમયે સમયે પરિવર્તનનોને સમાવીને સતત નૂતન સ્વરુપે અસ્મિતા પર્વમાં સંગોષ્ઠિઓના આયોજનો થતાં રહ્યાં છે. શરીરની ઉંમરને ઉવેશીને પણ સતત કામ કરનારા અનુભવી સારસ્વતોની સાથે સાથે પા-પા પગલી ભરી રહેલા ચેતનવંતા યુવાનો પણ પોતાની કલમ-વાણી અને કલા સ્વરુપો સાથે જોડાઈ રહ્યા છે અસ્મિતા પર્વમાં : કૈલાસ ગુરુકુળમાં રુબરુ આવી પહોંચનારા શ્રોતાઓ ઉપરાંત હવે તો આસ્થા ચેનલના માધ્યમથી દેશ-વિદેશના ભાવકો સુધી અસ્મિતા પર્વની પ્રસ્તુતિ પહોંચી છે. સહુનો અનુભવ છે કે અસ્મિતા પર્વ થકી પ્રાપ્ત થતો આનંદ સતત સંવર્ધિત થતો રહ્યોછે.




અજવાળું - અજવાળું

તુષાર જોશી

'ડેડી, હનુમાન જયંતિમાં પહેલેથી જ અસ્મિતા પર્વનું આયોજન હતું' ફરી સ્તુતિએ પ્રશ્ન કર્યો. એને મળેલો જવાબ કાંઈક આવો હતો.

એક સમયે પ્રાથમિક શાળાના શિક્ષક રહી ચુકેલા મોરારિ બાપુ આજે હવે લાખો શ્રોતાઓ માટે ખરા અર્થમાં લોકશિક્ષક બની રહ્યા છે. તુલસીદાસજી રચિત રામચરિત માનસની કથાને એમને વિશ્વભરમાં પહોંચાડી. વક્તા તરીકે કથાના પ્રસંગોને રજૂ કરતી વખતે તેઓ દુહા - છંદ - લોકગીતો રજુ કરતા રહ્યા. સાથે સાથે ગુજરાતી કવતા અને સાહિત્યને પણ વણી લેતા. આગળ જતાં ઉર્દુ શાયરી પણ કથાના પ્રવાહમાં પ્રવેશી અને રાસ-ગરબા સાથે ફિલ્મી ગીતો અને કવ્વાલી પણ તેઓએ વ્યાસપીઠ પરથી રજૂ કર્યા.

શબ્દ અને સૂર સાથેના અનહદ લગાવનું જ કદાચ એ પરિણામ હશે કે ૧૯૭૦ના દાયકામાં એમની પ્રેરમાથી દીવાળીના દિવસોમાં ધનતેરસના દિવસે સંગીતના કાર્યક્રમોનું આયોજન થયું એ દિવસોને યાદ કરતાં અસ્મિતા પર્વના સંયોજક અને પૂ. બાપુની કથામાં સંગીતકારો સાથે બેસીને મધુર ગાન રજૂ કરતા કવિ શ્રી હરિશ્ચંદ્ર જોશી કહે છે કે, '૧૯૭૭માં મહુવામાં ઉસ્તાદ સુલતાન ખાન અને રાસબિહારી દેસાઈ - વિભા દેસાઈનો કાર્યક્રમ થયો હતો.' એ પછી ૧૯૭૮ ના વર્ષમાં હનુમાન જયંતિના અવસરે તનીમા ઠાકુરના ગાયનનો કાર્યક્રમ થયો અને પછી તો આજ સુધીમાં વિશ્વ પ્રસિદ્ધ એવા ગાયકો-વાદકો-નૃત્યકારો પૂ. બાપુના ભાવભર્યા નિમંત્રણથી તલગાજરડા આવીને હનુમાનજી મહારાજના સાનિધ્યમાં એકની કલા રજૂ કરતા રહ્યા અને પૂ. બાપુ સહિતયના શ્રોતાઓ એમને દાદ આપતા રહ્યા. કલાકારોની યાદીનું સ્મરણ કરતાંજ હૈયું સભરતા અનુભવે છે એવી ચૈત્ર મહિનાની સુરમયી રાત્રી ગીત-સંગીતના કારણે મીઠા સંભારણા બની રહી છે.



૧૯૯૮ના વર્ષથી મહુવાની માલણ નદીના કાંઠે કૈલાસ ગુરુકુળના પરિસરમાં હનુમાન જયંતિના પર્વ નિમિત્તે શરુ થયું અસ્મિતા પર્વ. ગુજરાતી ઉપરાંત અન્ય ભારતીય ભાષાઓ અને લોકકલા - લોકબોધ, લોકનૃત્ય, નાટ્ય, નૃત્ય, આંગિકમ, વાચિકમ જેવી કલાના ભેખધારીઓ - વિચારકો-વક્તાઓ-લેખકો-કલાકારો પોતપોતાની ક્ષમતા અને અનુભવને તથા અભ્યાસને આધારે એમની વાત પ્રસ્તુત કરતા રહ્યા છે - કલા રજૂ કરતા રહ્યા છે. તમામ દિવસો દરમિયાન પૂ. બાપુ નીવડેલા અને નવા એમ બંને પ્રકારના સર્જકોની વાત જિજ્ઞાસાથી સાંભળે છે ને દાદ પણ આપે છે.

અસ્મિતા પર્વના સંયોજક અને જાણીતા કવિ શ્રી વિનોદ જોશી કહે છે, 'અહીં સંગીત નૃત્ય, નાટ્ય ખીલે છે અને શબ્દ ખુલે છે.' અહીં રજૂ થયેલા પ્રવચનોને 'વાક્ધારા' પુસ્તકમાં ગ્રંથસ્થ કરાયા છે ને ભાવકો માટે, સાહિત્ય પ્રેમીઓ માટે એ મહત્ત્વના રેફરન્સ બની રહ્યા છે.

અસ્મિતા પર્વમાં વિષયોનો વ્યાપ અમાપ છે. વેદોની વાણી પણ છે ને દલિતોની કહાણી પણ છે. પ્રાચીન સાહિત્ય પણ છે ને વિશ્વ સાહિત્ય પણ છે. વિદ્વાનો, વિચારકો, પત્રકારો, કલાકારોની પ્રસ્તુતિ થકી સાહિત્યિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક એવી ભાષાની અસ્મિતા અહીં મહોરી ઊઠે છે.

મા સરસ્વતીની સાથે, બુદ્ધિમતા વરિષ્ટમ એવા હનુમાનજીના સાનિધ્યએ, કથન-શ્રવણ-સ્મરણની સાધના ચાલે છે અસ્મિતા પર્વમાં શ્રોતાઓમાં શ્રેષ્ઠ પૂ. મોરારિ બાપૂ શબ્દને માણે-વધારે ત્યારે એક આહ્લાદક વાતાવરણ સર્જાય છે અસ્મિતા પર્વમાં :



છેલ્લાં ૩૫ વર્ષોથી તલગાજરડા જવાનું સદ્ભાગ્ય મને મળ્યું છે. પૂ. બાપુના સાનિધ્યમાં ગુરુપુર્ણિમા - હનુમાન જયંતિ જેવા ઉત્સવો કે અકારણ ત્યાં જવાના અનેક સ્મરણો હૈયે આનંદ લહેરો પ્રગટાવે છે. ભાંગતી રાત્રે, શીત લહર સંગાથે વહેતા સૂર-શબ્દને ઝીલીને કયારેક વાડીમાં કે કયારેક પંડ્યા સાહેબની ખડકીમાં સુઈ જતાં જતાં શ્રેતા તરીકેનું ઘડતર થયું છે.

કાળઝાળ ગરમીમાં શેરડીનો રસ કે કોરીનો રસ પીવાથી, તરબૂચ કે સાકર ટેટી ખાવાથી જે ટાઢક કોઠામાં વળે છે એવી જ ઠંડક એવો જ આનંદ રોજીંદા જીવનની ઘટમાળમાં દોડતાં દોડતાં અસ્મિતા પર્વ જેવા આયોજનો આવી મળે છે ત્યારે થાય છે.

અસ્મિતા પર્વમાં શ્રવણ છે - મનન છે - અભ્યાસ છે ને અનુભવ છે પ્રત્યેક શ્રોતા અને પ્રત્યેક વક્તા પાસે. અસ્મિતા પર્વમાં થતી અભિવ્યક્તિ દરમિયાન શક્તિ અને ભક્તિ સત્વ અને તત્ત્વ, મર્મ અને ધર્મ પ્રગટ થાય છે.

અસ્મિતાના પર્વના શ્રોતાઓ જયારે શબ્દ સાંભળે છે ત્યારે કયાંક કયારેક સમજણના દીવડા પ્રગટે છે ને અંદર અંદર અજવાળાં અજવાળાં રેલાય છે.

તેજપૂંજ :

એક ઘડી, આધિ ઘડી, આધિમાં પુનિ આધ, સબદ સાથ સંગત બડી, સાધ સકે તો સાધ

- રાજેન્દ્ર શુક્લ